વડીલોને વંદન અભિનંદન

સુમનબેન ગોવિંદલાલ શાહ
(૧૯૪૦)ફોન: ૨૩૨૨૩૧૫૬

ભરતસિંહ એમ. વાઘેલા
(૧૯૪૩)ફોન: ૨૩૨૧૧૫૨૭

રણછોડભાઈ વિઠ્ઠલભાઈ પટેલ
(૧૯૪૦)ફોન: ૨૩૨૧૦૫૭૧

સ્વ. મુકેશ ગઢવીને રાજ્યભરમાંથી શ્રદ્ધાંજલીનો અવિરત પ્રવાહ

ગાંધીનગર, તા. ૧

ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ બનાસકાંઠાના સાંસદ શ્રી મુકેશ ગઢવીના નિધન અંગે ઊંડા શોક અને દુઃખની લાગણી વ્યક્ત કરી છે.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બનાસકાંઠાના સાંસદ સ્વ. શ્રી મુકેશ ગઢવીના દુઃખદ આકસ્મિક અવસાન અંગે ઉંડા દુઃખની લાગણી વ્યક્ત કરી સદ્‌ગતને આદરપૂર્વક શ્રદ્ધાંજલિ પાઠવી છે.

બનાસકાંઠાના સાંસદ મુકેશ ગઢવીના દુઃખદ અવસાન અંગે શોકાંજલી પાઠવતા અખિ ભારતીય કોંગ્રેસ સમિતિના અધ્યક્ષા શ્રીમતિ સોનિયા ગાંધીએ જણાવ્યું હતું કે, યુવા સાંસદ સ્વ. મુકેશ ગઢવી જનપ્રતિનિધિ તરીકે સક્રિય ભુમિકા ભજવતા હતા. તેઓ કર્મઠ કોંગ્રેસના કાર્યકર્તાથી લઈને ધારાસભ્ય ત્યાર બાદ સાંસદ તરીકે સક્રિય કાર્યરત રહ્યાં હતાં. તેમના અવસાનથી કોંગ્રેસ પક્ષે એક પ્રજાના પ્રતિબધ્ધ યુવા સાંસદ ગુમાવ્યાં છે, હું તેમને શ્રધ્ધાસુમન અર્પણ કરું છું.

કોંગ્રેસ સમિતિના અધ્યક્ષાના રાજકીય સચિવ અહમદભાઈ પટેલે જણાવ્યું હતું કે, મુકેશભાઈ સરળ અને મ્રુદુભાષી હતા, તેઓ સક્રિય જનસેવક તરીકે બનાસકાંઠા વિસ્તારમાં હંમેશા કાર્યરત રહ્યાં હતાં,

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ સિધ્ધાર્થ પટેલ, વિધાનસભા કોંગ્રેસપક્ષના પૂર્વ નેતા શક્તિસિંહ ગોહિલ, એ.આઈ.સી.સી.ના સી.ડબ્લ્યુ.સી. સભ્ય અને ગુજરાતના પ્રભારી મોહનપ્રકાશ, સહપ્રભારી અશોક તંવરજી એ બનાસકાંઠાના યુવા સાંસદ મુકેશભાઈ ગઢવીના નિધન અંગે દુઃખની લાગણી વ્યક્ત કરી છે કેન્દ્રીય મંત્રી દિનશા પટેલ, ભરતસિંહ સોલંકી અને તુષારભાઈ ચૌધરીએ મુકેશભાઈ ગઢવીના દુઃખદ અવસાન અંગે ઘેરાશોકની લાગણી અનુભવી હતી.

ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તેમજ રાજ્યસભાના સાંસદ પરસોત્તમ રૂપાલા તેમજ પ્રદેશ અધ્યક્ષ આરસી ફળદુ અને મહામંત્રી શંકરભાઈ ચૌધરીએ બનાસકાંઠાના યુવાન સાંસદ તેમજ કોંગ્રેસના આગેવાન સ્વ.મુકેશભાઈ ગઢવીના દુઃખદ અવસાન બદલ શોકની લાગણી અનુભવી ભાજપાના ગુજરાત પરિવાર વતી શ્રદ્ધાંજલિ અર્પી છે.સ્વ.મુકેશ ગઢવી બનાસકાંઠાના જાગૃત પ્રજા પ્રતિનિધી હતા. દાંતા મતક્ષેત્રના ધારાસભ્ય તરીકે અને બનાસકાંઠાના સાંસદ તરીકે તેઓશ્રી પ્રજાના પ્રશ્નોને હકારાત્મક અભિગમ રાખી ઉકેલવાની સતત મથામણમાં રહેતા હતા.

ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને સાંસદ પરસોતમ રૂપાલા પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુ અને મહામંત્રી શંકરભાઈ ચૌધરીએ બનાસકાંઠાના યુવા સાંસદ તથા કોંગ્રેસના આગેવાન સ્વ. મુકેશભાઈ ગઢવીના દુઃખદ અવસાન બદલ શોકની લાગણી વ્યક્ત કરીને શ્રદ્ધાંજલી અર્પી છે.

પ્રાંતિજની શેઠ પી.એન્ડ.આર. હાઈસ્કૂલમાં ગુરુવંદના કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ શહેરમાં આવેલ શેઠ પી.એન્ડ.આર. હાઈસ્કૂલ ખાતે વિદ્યાર્થીઓ દ્વારા ગુરુવંદના કાર્યક્રમ યોજાયો હતો. પ્રાંતિજના ભાંખરીયા વિસ્તારમાં આવેલ શેઠ પી.એન્ડ.આર. હાઈસ્કૂલમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ આચાર્ય દોલતસિંહ ઝાલા, પટ્ટણીભાઈ, જગદીશભાઈ, રાવલભાઈ, શૈલેષ પટેલને શ્રીફળ, ફૂલહાર અને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. નગરપાલિકા દ્વારા પણ ચાર શિક્ષકોનું સન્માન કરાયું હતું. જ્યારે નિવૃત્ત થતાં આચાર્ય દોલતભાઈએ ગરીબ વિદ્યાર્થીઓ માટે રૂપિયા એક લાખનો ચેક અર્પણ કર્યો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં માજી. શિક્ષણમંત્રી જયસિંહ ચૌહાણ, નગરપાલિકા પ્રમુખ ગીરીશભાઈ પટેલ, વી.ડી. ઝાલા, જયેન્દ્રસિંહ, જયંતિભાઈ ત્રિવેદી સહિત શાળાના મીઠાભાઈ પટેલ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદમાં સ્વાઈન ફ્લુના વધુ ત્રણ કેસથી ભારે ફફડાટ

અમદાવાદ, તા.૧

અમદાવાદ શહેરમાં આજે સ્વાઈન ફ્લુના વધુ ત્રણ કેસ નોંધાતા મ્યુનિસિપલ આરોગ્ય વિભાગના સત્તાવાળાઓ ચોંકી ઉઠ્યા છે. શહેરમાં આજ સુધીમાં સ્વાઈન ફ્લુના કુલ ૩૩ કેસ અને આઠ મોત નોંધાયા હોવાનું જાણવા મળે છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતુ કે શહેરમાં આજે સ્વાઈન ફ્લુના વધુ ત્રણ કેસ નોંધાયા હતા. સોલા રોડ વિસ્તારના ૫૮ વર્ષના પુરુષને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ઘાટલોડિયા વિસ્તારના ૬૬ વર્ષના પુરુષ ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. જ્યારે નારણપુરા વિસ્તારના ૪૦ વર્ષના પુરુષને પણ સ્વાઈન ફ્લુની સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. શહેરમાં આજ સુધી સ્વાઈન ફ્લુના ૩૩ કેસ અને આઠ મોત નોંધાયા છે. સ્વાઈન ફ્લુની સારવાર આપવા માટે કોર્પોરેશન સંચાલીત ત્રણેય મોટી હોસ્પિટલોમાં અલાયદા આઈસોલેશન વોર્ડની વ્યવસ્થા રાખવામાં આવી છે. દરમિયાન અમદાવાદ શહેરમાંજ નહીં બલકે રાજ્યમાં પણ સ્વાઈન ફ્લુનો આતંક જારી રહ્યો છે. ખાસ કરીને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં સ્વાઈન ફ્લુનો સકંજો મજબુત છે. સ્વાઈન ફ્લુથી નવા વર્ષમાં મોતનો આંકડો ૫૦થી ઉપર પહોંચી ચુક્યો છે. સ્વાઈન ફ્લૂને રોકવા માટે તમામ લેવાઈ રહ્યા હોવા છતાં વધારે સફળતા મળી રહી નથી.

શિક્ષણમાં ભ્રષ્ટાચાર રોકવાના ઉપાય અંગે સેમીનાર યોજાયો

અમદાવાદ, તા.૧

ભારતમાં ભ્રષ્ટાચારનો વ્યાપ દિવસને દિવસ વધતો જાય છે. આ ભ્રષ્ટાચાર પોતાના પગ શિક્ષણ ક્ષેત્રે પણ પગ પ્રસરી રહ્યો છે. ત્યારે ટેકનિકલ શિક્ષણને ભ્રષ્ટાચાર મુક્ત કઈ રીતે રાખી શકાય તે અંગે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ખાતે એક આંતરરાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સેમિનારને સંબોધતા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સલર અક્ષય અગ્રવાલે જણાવ્યું હતું કે, શિક્ષણ શાસ્ત્ર નીતિ આધારિત હોવું જોઈએ. જ્યારે તેમાં વ્યાપારીક ઉપયોગ શરૂ થાય છે ત્યારે તેમાં ભ્રષ્ટાચારની શરૂઆત થાય છે. આ ઉપરાંત અગ્રવાલે મેનેજમેન્ટના અભ્યાસમાં સરકારી અને ખાનગી સંસ્થાઓ બન્નેના મહત્વ ઉપર ભાર મુક્યો હતો. પરંતુ શિક્ષણના ભોગે ખાનગીકરણને પ્રોત્સાહન આપી શકાય નહીં. આ આંતરરાષ્ટ્રીય સેમિનારમાં તાંઝાનીયાની મુઝમ્બે યુનિવર્સિટીના પ્રોફેસર શિવ ત્રિપાઠી, ન્યુયોર્કની સ્ટેટ સ્કુલ ઓફ બિઝનેશના પ્રોફેસર રોનાલ્ડો ઉપસ્થિત રહ્યા હતા. આ અંગે રોનાલ્ડોએ જણાવ્યું હતું કે, અમને શિક્ષણમાં ભ્રષ્ટાચાર અટકાવા અનેક સંસ્થાઓ અને વિદ્યાર્થીઓ સાથે કામ કરી રહ્યા છે. ભ્રષ્ટાચારને અટકાવા માટે શિક્ષણ ક્ષેત્રે નૈતિક મૂલ્યો વિકસાવવા જોઈએ. જ્યારે જીટીયુના બિઝનેશ વિભાગના ડીગ્રી એસ ઓ જુનરે જણાવ્યું હતું કે, મેનેજમેન્ટ શિક્ષણ ભ્રષ્ટાચાર અટકાવવા માટે સકારાત્મક અભિગમ સાથે કામ કરવાની જરૂર છે.આ ઉપરાંત આ સેમિનારમાં ગરીબ વિદ્યાર્થીઓ માટે ભ્રષ્ટાચાર મુક્ત શિક્ષણ વ્યવસ્થાની સ્થાપના ઉપર ભાર મુકવામાં આવ્યો હતો. જ્યારે કેટલાક વિધવાનોએ ભ્રષ્ટાચાર અટકાવવા માટે ગાંધીજીની ફિલોસોફી મુજબ કામ કરવાની જરૂરીયાત ઉપર ભાર મુક્યો હતો. આ સેમિનારમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જીટીયુમાં અધ્યાપકો અને નિષ્ણાંત મહેમાનોએ ભાગ લીધો હતો. જેમાં નિષ્ણાંતોએ ભ્રષ્ટાચાર વિરોધી વિવિધ કેસ સ્ટડીઝ વિદ્યાર્થીઓ સમક્ષ મુક્યા હતા અને જેની અસરકારક રીતે ઉપયોગ કરી વિદ્યાર્થીઓ પ્રયત્નથી ભ્રષ્ટાચાર વિરોધી લડાઈ લડી શકે છે. આ ઉપરાંત સેમિનાર દરમિયાન ભ્રષ્ટાચાર વિરુદ્ધના વિવિધ કેસ સ્ટડીઝને આગામી સમયમાં જીટીયુ અભ્યાસક્રમમાં સમાવેશ કરવામાં આવે તેવા સંકેતો જીટીયુના સંચાલકોએ આપ્યા હતા.

સામાજિક વનીકરણ હેઠળ વન વિસ્તારમાં ગુજરાતમાં વધારો

અમદાવાદ,તા. ૧

રાજ્ય સરકાર દ્વાર ડિસેમ્બર-૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સામુહિક વનીકરણ યોજના અંતર્ગત કચ્છ જિલ્લામાં ૭.૮૮ લાખ રોપાઓ રાજકોટ જિલ્લામાં ૮.૫૧ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે.

ક્ષેત્રિય વન વિભાગની વિવિધ યોજના હેઠળ સુરત જિલ્લામાં ૫૧૭૩ હેક્ટર વિસ્તારમાં રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. તેવું વિધાનસભા ગૃહમાં તારાંકિત પ્રશ્નોત્તરીકાલ દરમિયાન વનમંત્રી ગણપતભાઈ વસાવાએ જણાવ્યું હતું. વનમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે વડોદરા જિલ્લામાં ક્ષેત્રીય વન વિભાગની વિવિધ યોજનાઓ હેઠળ વર્ષ ૨૦૧૧-૧૨માં ૩૨૬૬.૨૦૫ હેક્ટર અને વર્ષ ૨૦૧૨-૧૩માં ૩૩૮૨.૦૦૦ હેક્ટર મળી બે વર્ષમાં કુલ ૬૬૪૮.૨૦૫ હેક્ટરમાં વાવેતર કરવામાં આવ્યું છે. વલસાડ જિલ્લામાં ૧૦૦૮૮.૮૮ હેક્ટર વિસ્તારમાં ક્ષેત્રીય વનીકરણ યોજના અંતર્ગત વાવેતર કરવામાં આવ્યું છે. જુનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૧-૧૨ અને વર્ષ ૨૦૧૨-૧૩માં ડિસેમ્બરના અતિત સુધીમાં ૭૭૩ હેક્ટરમાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. બે વર્ષમાં અમરેલી જિલ્લામાં સામુહિક વનીકરણ યોજના અંતર્ગત ૭.૮૪ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. તે ઉપરાંત સામુહિક વન નિર્માણ યોજના અંતર્ગત બે વર્ષમાં ખેડા જિલ્લાના ખેડા, માતર અને કઠલાલ તાલુકામાં કુલ ૯૭૯ હેક્ટર વિસ્તારમાં રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે.

આદિવાસી વિદ્યાર્થીને ૩૭૮ લાખની સહાય

અમદાવાદ,તા. ૧

રાજ્યમાં વસતાં આદિજાતિ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે રાજ્ય સરકાર દ્વારા લોન આપવામાં આવે છે. છેલ્લા બે વર્ષમાં રૂપિયા ૩૭૮ લાખના ખર્ચે ૩૮ વદ્યાર્થીઓએ વિદેશ અભ્યાસનો લાભ મેળવ્યો છે. વિધાનસભા ગૃહમાં આદિજાતિ વિકાસ મંત્રી ગણપતભાઈ વસાવાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર આદિજાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા તત્પર છે. ગત ૧-૧-૨૦૧૧થી ૩૧-૧૨-૨૦૧૧ના વર્ષ દરમ્યાન ૧૪ વિદ્યાર્થીઓને રૂપિયા ૧૩૮ લાખ તથા ૧-૧-૧૨થી ૩૧-૧૨-૨૦૧૨ના વર્ષદરમ્યાન ૨૪ વિદ્યાર્થીઓને રૂપિયા ૨૪૦ લાખની વિદેશ અભ્યાસ લોન મંજુર કરવામાં આવી છે.

હિંમતનગરના પોલોગ્રાઉન્ડમાં સુપર સ્પેશ્યાલિટી કેમ્પ યોજાશે

હિંમતનગર, તા. ૧

નારાયણી રૂદ્રાલયા હોસ્પિટલ, લાયન્સ ડાયાબિટિશ સેન્ટર તથા ઈકરા ફાઉન્ડેશન દ્વારા તા. ૩ માર્ચ-૨૦૧૩ને રવિવારના રોજ સવારે ૯.૩૦ થી ૨ કલાક દરમિયાન માણેક કૃપા સ્કૂલ પોલોગ્રાઉન્ડ ખાતે સુપર સ્પેશ્યાલિટી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં નિષ્ણાંત તબીબોની મદદથી દર્દીઓની તપાસ કરી માર્ગદર્શન આપવામાં આવશે.

હિંમતનગરના પોલોગ્રાઉન્ડ ખાતે યોજાનાર આ કેમ્પમાં અમદાવાદની નારાયણી રુદ્રાલયા હોસ્પિટલના નિષ્ણાંત ડૉ. સુમીત ધીર અને ડૉ. જૈમીન વસીની ટીમ હાજર રહેશે અને હૃદયરોગ, હાડકા, મોઢા ગળાના કેન્સરને લગતા રોગ વિશે શ્રેષ્ઠ સલાહ તેમજ ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવશે જ્યારે ડૉક્ટરની સલાહ અનુસાર આર.બી.એસ., બી.પી., ઈ.સી.ઓ., બી.એમ. આઈ. વગેરે ટેસ્ટને પણ આવરી લેવામાં આવશે. આ ઉપરાંત મુખ્યમંત્રી અમૃતમ યોજનામાં માન્યતા પ્રાપ્ત હોસ્પિટલ અને દર્દીઓ પોતાના જૂના રિપોર્ટ સાથે લઈ આવવા જણાવ્યું છે. આ શિબિરનો લાભ લેવા અને વધુ માહિતી મેળવવા માટે થરાદી મેમણ એજ્યુ. એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ લઘુમતિ માહિતી કેન્દ્રના સંચાલક મનુભાઈ મેમન (લાકડાવાલા)નો સંપર્ક કરવા જણાવ્યું છે.

રિમાન્ડ નામંજૂર થતા વિસ્મય શાહને જેલ હવાલે કરી દેવાયો

અમદાવાદ, તા. ૧

રાજ્યના ખૂબ જ ચર્ચાસ્પદ બીએમડબલ્યુ હીટ એન્ડ રન કેસના આરોપી વિસ્મય શાહને આજરોજ એક દિવસના રિમાન્ડ પૂરા થતાં વસ્ત્રાપુર પોલીસ દ્વારા કોર્ટમાં રજુ કરવામાં આવ્યો. પોલીસે આરોપી વિસ્મય શાહના વધુ રિમાન્ડ માંગ્યા હતા પરંતુ કોર્ટે રિમાન્ડ નામંજૂર કરી વિસ્મય શાહને જેલ કસ્ટડીમાં મોકલવા હુકમ કર્યો હતો. શહેરના પોશ વિસ્તાર જજીસ બંગલા રોડ પર થોડા દિવસ અગાઉ બીએમડબલ્યકાર ચાલક વિસ્મય શાહે પુરપાટ ઝડપે કાર હંકારી બે બાઈક સવાર યુવાનો શીવમ દવે અને રાહુલ પટેલને જોરદાર ટક્કર મારી હતી. જેમાં શીવમ દવે ઘટના સ્થલે જ મૃત્યુ પામ્યો હતો અને અન્ય રાહુલ પટેલ સારવાર દરમ્યાન મૃત્યુ પામ્યો હતો. સરકારી વકીલે કોર્ટમાં વધુ રિમાન્ડ આપવા માટે દલીલ કરતા જણાવ્યું હતુ કે આરોપી વિસ્મય શાહને મદદગારી કરવાર યુવતી અંગે પુછપરચ તેમજ અકસ્માત સંબંધિત પૂછપરછ કરવાની હોવાથી તેને રિમાન્ડ આપવા જોઈએ. તેવી માંગણી કરી હતી તો બીજી તરફ આરોપીના વકીલે દલીલ કરતા જણાવ્યું હતુ કે વિસ્મયે પોતાનો ગુનો કબૂલ કરી લીધો છે. તેમજ વિસ્મયે પોલીસ પૂછપરછમાં પણ પૂરતો સાથ સહકાર આપ્યો છે. આ ઉપરાંત વિસ્મય ઘટના પછી જાતે પોલીસ સમક્ષ હાજર થી ગયો તેથી તેના વધુ રિમાન્ડ ના મળવા જોઈએ. અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટના જજ પીબી પુજારાએ બંને પક્ષોની દલીલો સાંભળી આરોપી વિસ્મયના વધુ રિમાન્ડ નામંજુર કરી જેલ કસ્ટડી કરવાનો હુકમ કર્યો છે.

રાજકોટ જિલ્લા પેન્શનર અને સિનિયર સિટીઝન સમાજ દ્વારા રજત જયંતિનો કાર્યક્રમ ઉજવાયો હતો. ધનજીભાઈ પટેલના પ્રમુખપદે યોજાયેલી રજત જયંતિ પ્રસંગે પેન્શનર મંડળના પ્રમુખ તેમજ અન્ય પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

શબ્દાવલી - ૪૯૯૪



આડી ચાવી

૧. નરમાશનું વિરોધી (૪)
૪. સેલ, બેટરી વગેરેમાં નંખાણ (૩)
૬. પાર્ટી, ટુલ્લી (૨)
૭. સસરા (૩)
૯. દૂધની એક વાનગી (૨)
૧૦. દોડવું ને અંગ્રેજીમાં... કહેવાય (૨)
૧૧. પ્રતિજ્ઞા, પણ (૨)
૧૩. એક રાક્ષસનું નામ, ... દુષણ (૨)
૧૪. સુવર્ણ મૃગનું રૂપ લેનાર રાક્ષસ (૩)
૧૫. વિચાર, મત (૩)
૧૭. હસી હસીને... થઇ ગયા (૪)
૧૯. દેવુ, કરજ (૨)
૨૦. કરિયાણું (૩)

ઊભી ચાવી

૧. કોઇ નિર્ણય માટે તૈયાર થવું, ... થવું (૪)
૨. ખુબ પવનમાં ધૂળની... ઉડે (૩)
૩. ભગવાન, રબ (૩)
૪. અંત, છેડો (૨)
૫. કલ્પના સૃષ્ટિમાં વિહરવું (૩)
૮. સુંદર નેત્રોવાળી (૪)
૧૧. પ્રખ્યાત, જાણીતું (૪)
૧૨. એક જંતુ (૪)
૧૪. કેફી, નશો ચઢાવે તે (૩)
૧૫. કૈકયીની દાસી (૩)
૧૬. લત, આદત (૩)
૧૮. વૃક્ષનો શરૂઆતનો જાડો ભાગ (૨)

શબ્દાવલી ૪૯૯૩ના જવાબ

આડી ચાવી :- (૧) ફ્રૂજારી (૪) ગર (૫) ઘાલમેલ (૭) ચિકોટી (૮) રકાસ (૧૦) ભટ્ટી (૧૧) લુમખો (૧૪) નામ (૧૫) સાકર (૧૭) સતી (૧૮) ગરજ (૧૯) સંગ્રામ (૨૦) રજ (૨૧) વાદ (૨૨) જતી

ઊભી ચાવી :- (૧) જાસાચિઠ્ઠી (૩) ધોલ (૪) ગલકા (૫) ઘાટીલુ (૬) મેરખો (૯) સલામતી (૧૦) ભવસાગર (૧૨) મનપસંદ (૧૩) ફરજ (૧૪) નાસમજ (૧૬) કરજ

(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

ભારતના ભાવિ નાગરિકોની સર્જન ક્ષમતામાં વધારો થાય તે હેતુથી ગુજકોસ્ટ ગાંધીનગર દ્વારા પાલનપુરમાં આવેલ એન.આઈ.બી. સ્કૂલ ઓફ સાયન્સ ખાતે જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રના સહયોગથી વિજ્ઞાન મેળો યોજાયો હતો. જેમાં ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ પોત-પોતાની કૃતિઓ રજૂ કરી હતી.

હુંકી મુદતની જાહેર નિવિદા નં.૧ - ૨૦૧૨-૧૩

જિલ્લા પંચાયત ગાંધીનગર, સે.૧૭ પશુપાલન શાખ (ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૫૦) માટે જીલ્લા કક્ષાની પશુપાલન શિબિરના આયોજન બાબતે ગાંધીનગર જિલ્લામાં બે શિબિર માહે માર્ચ-૨૦૧૩માં આયોજીત કરવાની હોઈ એક શિબિરમાં ૩૦૦ પશુપાલક બેસી શકે તેવો મંડપ / સ્ટેજ, સાઉન્ડ સીસ્ટમ, ફર્નીચર, સાફ-સફાઈ, ઈલેક્ટ્રીક ચાર્જ, સુશોભન, મહેમાનની આગતા સ્વાગતા, સરબરા વગેરે તથા શિબિરાર્થીને સવારે ચા-નાસ્તો, બપોરનું ભોજન તથા સાંજે ચા પુરી પાડવાની હોઈ ટેન્ડર ફી રૂ. ૬૦૦/- તા. ૧૧/૩/૨૦૧૩ સુધીમાં ચલનથી જમા કરાવી ચલનની અસલ કોપી તથા / પાનકાર્ડની ઝેરોક્ષ કોપી રજૂ કર્યેથી કચેરીના કામકાજના દિવસો દરમિયાન ૧૧-૦૦ થી ૧૮-૦૦ કલાક સુધી કોરા ટેન્ડર ફોર્મ અત્રેથી આપવામાં આવશે. જે ટેન્ડર ફોર્મ વિગતવાર ભરી આ કચેરીને મોડામાં મોડા તા. ૧૮/૩/૨૦૧૩ સુધીમાં રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી મદદનીશ પશુપાલન નિયામકશ્રી, પશુપાલન શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગર. સે.૧૭ને મળે તે રીતે બંધ કવરમાં મોકલી આપવાના રહેશે.

સહી/-
મદદનીશ પશુપાલન નિયામક
જિલ્લા પંચાયત, ગાંધીનગર

માહિતી/૨૩૫૧/૧૨-૧૩

ગુજરાત ઈકોલોજી એજ્યુકેશન એન્ડ રીસર્ચ 'ગીર' ફાઉન્ડેશન, ઈન્દ્રોડા નેચર પાર્ક, પો. સેક્ટર-૭, ગાંધીનગર - ૩૮૨૦૦૭. (ફોન : ૦૭૯-૨૩૨૧૩૮૫, ૨૩૨૨૬૯૨૮)

વિશ્વ બેંક પુરસ્કૃત ICZM પ્રોજેક્ટ તળે કચ્છના અખાત ખાતે કોરલ ટ્રાન્સપ્લાન્ટેશન હેતુ સારૂ લોખંડ / એંગલની ફેબ્રીકેટેડ ફ્રેમ્સ અને અન્ય સામગ્રીની જરૂરીયાત હોઈ જે કોઈ રસ ધરાવતી હોય તેવી પાર્ટીઓ પાસેથી ભાવો મંગાવવા બાબતે (વધુ વિગત અત્રેની કચેરી ખાતેથી રૂબરૂ મેળવી શકાશે) ઓફર E-5 ડૉક્યુમેન્ટ સ્વરૂપે મોકલવાની રહેશે. E-5 ડૉક્યુમેન્ટ 'ગીર' ફાઉન્ડેશનની કચેરી ખાતેથી ચાલુ કામકાજના દિવસો દરમિયાન રૂબરૂ અથવા ટપાલથી મેળવી શકાશે. સંબંધિત સામગ્રીના સ્પેસીફિકેશનની વિગતો આ કચેરીની વેબસાઈટ www.geerfoundation.gujarat.gov.in પર મુકેલ છે. સંબંધિત નક્કી કરેલ ફોર્મેટ મુજબના ભાવપત્રકો (E-5) પરત જમા કરાવાની છેલ્લી તા. ૧૧/૩/૨૦૧૩ સાંજે ૫.૦૦ સુધીની રહેશે.

માહિતી/૨૩૫૦/૧૨-૧૩ - ડાયરેક્ટર